# નવસારીમાં ભરશિયાળે મેઘાના ડાકલાં

**મરોલી** સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં રસ્તાઓ સાથે ખેડૂતોની આંખો પણ ભીની થઈ ગઈ



## કેરીના પાકનો દાટ વળશે, રવિપાકને પણ મોટા નુકસાની સંભાવના

ખેતીપ્રધાન નવસારી જિલ્લામાં મોટા પાયે કેરી અને ચીકુની ખેતી થાય છે અને હાલ પાક નાજુક અવસ્થામાં હોવાથી વરસાદથી નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને કેરીમાં મંજરી અને ફૂલની અવસ્થામાં વરસાદ પડવાથી ઉત્પાદન ઘટવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાથે સાથે રવિ પાક પર પણ તેની નકારાત્મક અસર પડી શકે. આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ઋતુચક્રમાં આવા અચાનક ફેરફારથી શરદી, ઉધરસ અને વાયરલ ઇન્ફેક્શનના કેસોમાં વધારો થવાની શક્યતા રહે છે.

નવસારીઃ નવસારીમાં નવા વર્ષની શરૂઆત શિયાળાની ઠંડક સાથે થઈ છે, પરંતુ આ વચ્ચે અચાનક વરસેલા કમોસમી વરસાદે સમગ્ર જિલ્લામાં ચિંતા ઊભી કરી છે. સામાન્ય રીતે સુકાં અને ઠંડા વાતાવરણની અપેક્ષા વચ્ચે શિયાળાની ઋતુમાં પડેલા આ માવઠાંએ હવામાનના સ્વરૂપમાં અણધાર્યો ફેરફાર કર્યો છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન અહેવાલ ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ દિવસના તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૨૯.૬ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૭.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારના સમયે આદ્રતા ૯૦ ટકા રહી હતી, જ્યારે સાંજના સમયે આદ્રતા વધીને ૬૨ ટકા સુધી પહોંચી હતી. પવનની ઝડપ ૨.૪ કિ.મી./કલાક નોંધાઈ હતી અને પવનની દિશા યથાવત શાંત રહી હતી.

આ વચ્ચે, નવા વર્ષની પ્રથમ સવારથી જ નવસારી જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. મરોલી પંથક સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટાં પડતાં રસ્તાઓ ભીના થયા હતા અને વાતાવરણમાં ભેજ વધ્યો હતો. વરસાદની અસર શહેરના દૈનિક જનજીવન પર પણ પડી છે.

નવસારીથી સુરત રોજ અપડાઉન કરતા નોકરીયાત વર્ગ તથા અન્ય મુસાફરોને ભીના રસ્તા, ટ્રાફિક અને બદલાયેલા વાતાવરણને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વાહનચાલકોને વધારાની સાવચેતી રાખવી પડી હતી.




# ચીખલી પંથકમાં માવઠાની આગાહીથી ખેડૂતો ચિંતિત

**વાદળછાયા** વાતાવરણથી કેરીનું ઉત્પાદન અવરોધાશે

ઘેજ: ચીખલી પંથકમાં હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહીથી ખેડૂતોના માથે આફત તોળાઈ રહી છે. ઠંડી બાદ આંબાવાડીઓમાં ફ્રૂટીંગની શરૂઆત સારી રીતે થઈ ગઈ હતી, પરંતુ હવે અચાનક બદલાયેલા વાતાવરણને કારણે ખેડૂતોની ચિંતા વધતી જઈ રહી છે. આ પરિસ્થિતિથી કેરી, ચીકુ તેમજ શાકભાજી સહિતના ખેતી પાકોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ઘણાં ખેડૂતોએ આગોતરા દવાઓનો છંટકાવ પણ શરૂ કરી દીધો હતો.

### ચીકૂ અને શાકભાજીને પણ નુકસાનની દહેશત

તાલુકામાં કેરી ઉપરાંત ચીકુ અને શાકભાજીના પાકોને પણ નુકસાન થવાની પરિસ્થિતિ ઊભી થઈ છે. આ વર્ષે ચોમાસાની વિદાય મોડી થવા અને લાંબા સમય સુધી વરસાદ ચાલુ રહેવાને કારણે ચીકુમાં પૂરતું ફ્લાવરિંગ થઈ શક્યું નથી, જેના કારણે ચાલુ સીઝનમાં ચીકુનું ઉત્પાદન ઓછું જોવા મળી રહ્યું છે. હવે વાદળછાયા વાતાવરણથી ચીકુના ઉત્પાદન પર પણ વધુ વિપરિત અસર થવાની શક્યતા છે. સાથે સાથે તુવેર, પાપડી, રીંગણ સહિતના શાકભાજીના પાકોને પણ નુકસાન થવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

## વાપીમાં લાંચના કેસમાં CGST ઓફિસરની જામીનઅરજી રદ

વાપી: વાપીમાં લાંચના કેસમાં પકડાયેલા સીજીએસટીના સીનિયર એકાઉન્ટસ ઓફિસર આરોપી રવિશંકર શ્યામાકાંત ઝાની જામીન અરજી વાપીની કોર્ટે નામંજૂર કરી છે.

ચકચારી કેસની વિગતો એવી છે કે વાપી સીજીએસટી ઓફિસમાં ઓર્ડર મુજબ ફૂલછોડના કુંડા આપનારના બિલના રૂ.૨૯,૦૦૦ આપવાના હતા. તેના માટે બે હજારની લાંચ માગવાના કેસમાં સીજીએસટીના સીનિયર એકાઉન્ટસ ઓફિસર રવિશંકર શ્યામાકાંત ઝાની એસીબીએ ધરપકડ કરી હતી.

આ કેસમાં રેગ્યુલર જેલમાંથી છૂટવા જામીન મેળવવા માટે કોર્ટ સમક્ષ આરોપી રવિશંકરે જામીન અરજી કરી હતી. એજીપી રાકેશ ચાંપાનેરીયાએ આ જામીનઅરજીનો દલીલો સાથે વિરોધ કર્યો હતો. એજીપી ચાંપાનેરિયાની દલીલોને ગ્રાહ્ય રાખી થર્ડ એડિશનલ સેશન્સ કોર્ટના જજ પુષ્પાબેન સૈનીએ આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. સરકારી વકીલે દલીલમાં જણાવ્યું હતું કે આરોપીનો વોઈસ સેમ્પલ લેવાનો બાકી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં નિબંધ લેખન સ્પર્ધાનાં પરિણામો જાહેર

નવસારી: નવસારી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા આયોજિત નિબંધ લેખન સ્પર્ધાના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. આ સ્પર્ધામાં સીમલક શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. જૂથ-૧ (ધોરણ ૫ અને ૬)માં ધોરણ ૬ની હુસ્ના અહમદ પટેલ પ્રથમ ક્રમે રહી હતી, જ્યારે આઈશા અબ્દુલ્લા મેમણ દ્વિતીય ક્રમે વિજેતા બની હતી. જૂથ-૨ (ધોરણ ૭ અને ૮)માં ધોરણ ૭ની રોઝીના ઇમરાન રેટીયાએ દ્વિતીય ક્રમ મેળવી પોતાની પ્રતિભા દર્શાવી હતી. જૂથ-૩ (ધોરણ ૯ અને ૧૦)માં મરિયમ યાકૂબ લાખી પ્રથમ ક્રમે વિજેતા બની હતી. જ્યારે જૂથ-૪ (ધોરણ ૧૧ અને ૧૨)માં ઝુલેખા મોહસીન મુલ્લાં વિજેતા જાહેર થઈ હતી.

### SVNM ટ્રસ્ટનો 15 હજાર નિ:શુલ્ક મોતિયા ઓપરેશનના સંકલ્પ

નવસારી: સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર (SVNM) ટ્રસ્ટ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓની આંખોમાં ફરી રોશની લાવવાના હેતુથી નોંધપાત્ર સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. ટ્રસ્ટે આગામી વર્ષ દરમિયાન 15,000 દર્દીઓના નિ:શુલ્ક મોતિયાના ઓપરેશન કરવાનો મહત્ત્વાકાંક્ષી સંકલ્પ જાહેર કર્યો છે. આ લક્ષ્યને સાકાર કરવા માટે ભંડોળ એકત્ર કરવાની દિશામાં નવસારીના સુપા ગામે તા. 4 જાન્યુઆરીના રોજ એક વિશાળ લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અંદાજે 8,000થી 10,000 લોકો ઉપસ્થિત રહેશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. ટ્રસ્ટના હોદ્દેદારોએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, છેલ્લા સાડા ત્રણ વર્ષથી સુરત ખાતે કાર્યરત SVNM ટ્રસ્ટે અત્યાર સુધીમાં કુલ 29,554 દર્દીઓની નિ:શુલ્ક મોતિયાની સર્જરી સફળતાપૂર્વક કરી છે. આગામી સમયમાં 100 વિઝન સેન્ટર શરૂ કરવાની યોજના ધરાવતો SVNM ટ્રસ્ટ સમાજમાં અંધકાર દૂર કરી આશાનું પ્રકાશ ફેલાવતો સેવાયજ્ઞ બની રહ્યો છે.




### રાબડા વિશ્વંભરી ધામમાં બ્રહ્મ ભોજન કાર્યક્રમ યોજાયો

વલસાડ: સનાતન વૈદિક સંસ્કૃતિના જતન અર્થે રાબડા સ્થિત માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામમાં ભવ્ય 'બ્રહ્મભોજન' કાર્યક્રમ સંપન્ન થયો હતો. ધામના સ્થાપક મહાપાત્રની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ અહીં પ્રતિવર્ષ 31મી ડિસેમ્બરના રોજ 'બ્રહ્મભોજન' યોજવાની પરંપરા છે, જેને આગળ ધપાવતા ગત બુધવાર, તા.31 ડિસેમ્બર 2025ના રોજ પવિત્ર 'બ્રહ્મભોજન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલસાડ જિલ્લાના અનેક વિદ્વાન ભૂદેવો પોતાના પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાત-જાતના ભેદભાવથી મુક્ત સનાતન ધર્મની સ્થાપના અને સત્યની સંઘનિષ્ઠાને પ્રબળ બનાવવાનો હતો. આ પવિત્ર અવસરે વલસાડ જિલ્લાના ભૂદેવો સહપરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને માં વિશ્વંભરીની આરતી, સામૂહિક સત્સંગ અને બ્રહ્મભોજનનો લહાવો લીધો હતો.



### નવસારીના શાહીન દલાલ પીએચ.ડી. થયા

નવસારી: મૂળ નવસારીના ડો.શાહીન મહૈયુદ્દીન દલાલના "હેમોડાયલિસિસ પેશન્ટ્સમાં ડિપ્રેશન પર કોગ્નિટિવ બિહેવિયરલ થેરાપીની અસર" શીર્ષકવાળા સંશોધનને પી પી સવાણી યુનિવર્સિટીએ માન્ય રાખીને દ્વિતીય કોન્વોકેશન સમારોહમાં તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી હતી. ડો.શાહીન દલાલ પી પી સવાણી યુનિવર્સિટીના પ્રથમ વિદ્યાર્થી છે જેમણે મેન્ટલ હેલ્થ નર્સિંગમાં પીએચ.ડી.ની પદવી મેળવી છે. તેમના માર્ગદર્શક ડો. સતીષ બિરદાર, રજિસ્ટ્રાર, પી પી સવાણી યુનિવર્સિટીની નેતૃત્વ હેઠળ તેમણે આ ઉપલબ્ધિ હાંસલ કરી છે. ડો. શાહીન દલાલે તેમની માતા સ્વ.જેબુનીશા શેખના સ્વપ્નને સાકાર કર્યું છે, જેઓ એક નર્સ હતા અને ગુજરાતમાં સેવા આપવા માટે તેમનું જીવન સમર્પિત કર્યું હતું.



### ગાર્ડા કોલેજમાં "Entrepreneurship and Start-ups" પર વિશેષ વ્યાખ્યાન

નવસારી: નવસારીની ગાર્ડા કોલેજ (આર્ટ્સ) તથા પી.ડી. પટેલ કોલેજ ઓફ કોમર્સ ખાતે "Entrepreneurship and Start-ups" વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇન્વેશન આયોગ્ય ડો. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ઇન્વેશન કલબ, કરિયર ગાઇડન્સ એન્ડ પ્લેસમેન્ટ સેલ અને આઈ.ક્યુ.એ. સેલનો સહયોગ રહ્યો હતો. ૩૦/૧૨/૨૦૨૫ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૦૧ વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય વક્તા હરેશ કલકત્તાવાલાએ સ્ટાર્ટ-અપ, નવીન વિચારધારા અને વ્યવસાયની તકો અંગે પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું.



**વાપીમાં રૂ.140 કરોડના ખર્ચે બનનારા ઓવરબ્રિજનું કામ ચાર વર્ષે પણ અપૂર્ણ**

# 'નજર ઉતારો-પનોતી ભગાવો', બ્રિજને લીંબુ-મરચાં બંધાયા

**ઓવરબ્રિજની** કામગીરી ધીમી ગતિએ ચાલતા કોંગ્રેસ દ્વારા અનોખું વિરોધ પ્રદર્શન



વાપી: વાપીમાં વલસાડ જિલ્લા યુથ કોંગ્રેસ સમિતિ અને વાપી શહેર યુથ કોંગ્રેસ દ્વારા ગુરુવારના રોજ અનોખો અને પ્રતિકાત્મક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા ઓવરબ્રિજની કામગીરીમાં વિલંબને લઈને વિરોધ પ્રદર્શન કરાયું હતું. "નજર ઉતારો- પનોતી ભગાવો" કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જેમાં પંડિતને બોલાવીને ઓવરબ્રિજના પિલ્લર પાસે લીંબુ-મરચાં, કાળા કાપડ રાખી રીતસરની પૂજાવિધિ કરાવવામાં આવી હતી. બાદમાં ઓવરબ્રિજના પિલ્લર ઉપર લીંબુ-મરચાં બાંધી નાળિયેર વધારી ફૂલહાર ચડાવવામાં આવ્યાં હતા. આ ઉપરાંત વાપી ઝંડાચોક ખાતે યુથ કોંગ્રેસ દ્વારા વિવિધ બેનરો સાથે નાની રેલી કાઢી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રેલીમાં ઓવરબ્રીજનું કામ ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી હતી. યુથ કોંગ્રેસના આગેવાનોનું કહેવું હતું કે જો સમયસર કામગીરી પૂર્ણ નહીં થાય તો ફરીથી મહાયજ્ઞ અને શાંતિયજ્ઞ કરવામાં આવશે. વિરોધ પ્રદર્શનમાં વાપી પાલિકાના માજી વિરોધ પક્ષના નેતા ખંડુભાઈ પટેલ,વલસાડ જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ સાદ બોગા, વાપી યુથ કોંગ્રેસ શહેર પ્રમુખ વરુણસિંહ ઠાકુર, વિગેરે હાજર રહ્યા હતા.

**ડાંગ-વલસાડના સાંસદ ધવલ પટેલના નિવેદનથી રાજકીય ગરમાવો**

# અનંત પટેલ ગમે તેટલાં ગતકડાં કરે, પણ ભાજપના દરવાજા બંધ

**અનંત** પટેલ અને ચૈતર વસાવા વચ્ચે છૂપી સાઠગાંઠ હોવાનો પણ ધવલ પટેલનો ઈશારો

સાપુતારાઃ સાપુતારામાં 'દિશા'ની બેઠક બાદ દક્ષિણ ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળ્યો છે. ડાંગ-વલસાડના સાંસદ ધવલ પટેલે દાવો કર્યો છે કે અનંત પટેલ આગામી સમયમાં કોંગ્રેસને રામ-રામ કરી આમ આદમી પાર્ટીમાં જોડાવા માટેનો તખ્તો તૈયાર કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, એકતરફ અનંત પટેલ વાપીમાં એવું નિવેદન આપે છે કે તેઓ ભાજપ અને આમ આદમી પાર્ટીમાં મોટું ભંગાણ પાડશે, પરંતુ વાસ્તવિકતા અલગ છે. બીજી તરફ, AAPના નેતા ચૈતર વસાવા કોંગ્રેસના સેંકડો કાર્યકરોને પોતાની પાર્ટીમાં ભેળવી રહ્યા છે, તેમ છતાં અનંત પટેલ તેમની સામે એક શબ્દ પણ બોલતા નથી. આ બાબત બંને નેતાઓ વચ્ચેની છૂપી સાંઠગાંઠ હોવાનો નિર્દેશ કરે છે.

ધવલ પટેલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, "ભાજપમાં ભારત વિરોધી, હિન્દુ વિરોધી કે આદિવાસી વિરોધી માનસિકતા ધરાવતા નેતાઓ માટે કોઈ સ્થાન નથી. અનંત પટેલ ગમે તેટલા ગતકડાં કરે, પરંતુ ભાજપના દરવાજા તેમના માટે કાયમ માટે બંધ છે." તેમણે ઉમેર્યું કે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય નિશ્ચિત છે, તેથી પોતાની રાજકીય જમીન બચાવવા અનંત પટેલ 'આપ' (AAP)માં જવાના પ્રયાસો કરી રહ્યા છે. સાંસદના મતે, અનંત પટેલ અત્યારે 80% જેટલા કાર્યક્રમો કોંગ્રેસના બેનર વગર વ્યક્તિગત બેનર હેઠળ કરી રહ્યા છે. આ એ વાતની સાબિતી છે કે તેમને હવે કોંગ્રેસ પક્ષમાં રસ રહ્યો નથી અને તેઓ ધીરે ધીરે પક્ષથી અંતર જાળવી રહ્યા છે. "અનંત પટેલ આદિવાસી સમાજના હિત માટે નહીં, પરંતુ પોતાના અંગત સ્વાર્થ અને રાજકીય અસ્તિત્વ બચાવવા માટે આ બધી રમત રમી રહ્યા છે."

ધવલ પટેલે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ (અને અમિત ચાવડા) તેમજ વિપક્ષી નેતા તુષાર ચૌધરીનું નામ લઈને કટાક્ષ કર્યો હતો કે, તેમના ધારાસભ્ય પક્ષને પાયમાલ કરી રહ્યા છે તે તેઓ જોઈ રહ્યા હશે, પરંતુ ભાજપને તેનાથી કોઈ ફરક પડતો નથી.

# ઉમરગામમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ, દંપતી દાઝી ગયું

**ગાંધીવાડ** ગોકુલધામ વિસ્તારમાં ગેસ લીકેજના કારણે જોરદાર ધડાકો થયો




ઉમરગામઃ ઉમરગામ ગાંધીવાડી ગોકુલધામમાં એક ચાલીમાં સિલિન્ડર ગેસ લીકેજના કારણે થયેલા જોરદાર ધડાકામાં પતિ-પત્ની ગંભીર રીતે દાજી ગયા હતા. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી

ઉમરગામ ગાંધીવાડી ગોકુલધામમા ચાલીના એક રૂમમાં સવારે આશરે સાડા છએક વાગ્યાના સવારે સિલિન્ડર પાઈપ ગેસ લીકેજના કારણે અચાનક આગ સાથે જોરદાર ધડાકો થયો હતો. જેના કારણે રૂમનો દરવાજો તેમજ બારીમાં લાગેલી લોખંડની ગ્રીલ દિવાલમાંથી છૂટી પડી ગઈ હતી. ઘરનો સામાન વેરવિખેર થઈ ગયો હતો. ધડાકાનો જોરદાર અવાજ સાંભળી આજુબાજુના લોકોમાં દોડધામ સાથે ગભરાટ ફેલાઈ ગયો હતો. દંપતી રસોઈ બનાવવા ગેસ સળગાવવા જતાં ઘટના બની હતી અને આ ઘટનામાં પતિ રાજેશભાઈ, પત્ની રીટાદેવી બંને જણા ઈજાગ્રસ્ત બનતા દાઝી જતાં તેઓને નજીકની ઉમરગામ ગાધીવાડી સ્થિત સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ બધું સારવાર માટે વલસાડની સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

# ગણદેવી તાલુકા પંચાયતની પાંચ બેઠકની અનામત કેટેગરીમાં ફેરફાર

**ચૂંટણી** આયોગે નવું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું, બીગરી-1, ધકવાડા, ધમડાછા, એંધલ અને તલોધ બેઠકોમાં ફેરફાર




બીલીમોરાઃ ગણદેવી તાલુકા પંચાયતની ૨૪ બેઠકની સામાન્ય ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચે ફરી એકવાર ગુરુવારે સીમાંકન અને અનામત બેઠકોની કેટેગરી જાહેર કરી છે. જેમાં પાંચ બેઠક ઉપર અનામત બેઠક કેટેગરીમાં ફેરફારને કારણે રાજકીય સમીકરણો બદલાયા છે.

ગાંધીનગર ચૂંટણી આયોગનાં સચિવ આર જી ગોહીલ દ્વારા આજે ૧/૧/૨૬નાં રોજ ફરી સુધારેલું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જેમાં પાંચ તાલુકા પંચાયત બેઠકોની કેટેગરીમાં ફેરફારો કરાયા છે. જેમાં બીગરી-૧ અનુસૂચિત જન જાતિમાંથી સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ મહિલા (ઓબીસી સામાન્ય સ્ત્રી), ધકવાડા ગામે સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ મહિલા (ઓબીસી સ્ત્રી) માંથી ઓબીસી સામાન્ય કેટેગરી, ધમડાછા બેઠક ઉપર સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ સામાન્ય (ઓબીસી સામાન્ય)માંથી સામાન્ય મહિલા, એંધલ બેઠક ઉપર બિન અનામત સામાન્યમાંથી અનુસૂચિત જન જાતિ (એસટી સામાન્ય) અને તલોધ બેઠક ઉપર સામાન્ય મહિલા કેટેગરીમાંથી બિન અનામત સામાન્ય કેટેગરી આવી છે. જેને કારણે ચૂંટણી વાંચ્છુક અનેક દાવેદારોનાં ઓરતા અધૂરા રહી જશે.

## વાપી ડુંગરા માર્ગ પર કન્ટેનરે ટક્કર મારતા બાઈકસવાર દંપતીને ઈજા

વાપીઃ વાપી ડુંગરા માર્ગ પર કન્ટેનરની ટક્કરે બાઈક સવાર દંપતી પટકાયું હતું અને બંને ઈજાગ્રસ્તને સેલવાસ હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતાં.

મૂળ બિહાર અને હાલ વાપી ડુંગરા હરીયા પાર્કમાં રહેતા લવકુશપ્રસાદ ગાજોપ્રસાદ (ઉ.49) પત્ની મંજુદેવી સાથે બાઈક લઈ સેલવાસ ગયા હતા અને ત્યાંથી પરત ઘરે ફરી રહ્યા હતાં. બપોરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ વાપી ડુંગરા હરીયા પાર્ક પાસે માર્ગ ઉપર વળાંક લેતી વખતે પાછળથી દોડી રહેલા કન્ટેનરની ટક્કર લાગતા દંપતી પટકાયું હતું અને કન્ટેનરનું ટાયર ચઢી જતા લવકુશના પગમાં ફ્રેકચર થયું હતું. જ્યારે પત્નીને પણ ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે 108 એમ્બ્યુલન્સ દ્વારા સેલવાસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

# મ્યૂલ એકાઉન્ટમાં લાખો જમા કરાવનાર આરોપીને જામીન નહીં

**વાપીમાં** 5.15 લાખ મ્યૂલ એકાઉન્ટમાં જમા કરાવનારા આરોપીની જામીનઅરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી

વલસાડઃ વાપીની એડિશનલ સેશન્સ કોર્ટે સાયબર ફ્રોડના રૂપિયા મ્યૂલ એકાઉન્ટમાં જમા કરાવવાના કૌભાંડમાં સંડોવાયેલા આરોપીની રેગ્યુલર જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે.

કેસની પ્રાપ્ત વિગતો અનુસાર, વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડનો એક ગુનો નોંધાયો હતો. જેમાં ફ્રોડ દ્વારા મેળવવામાં આવેલી રકમમાંથી રૂ. 5.15 લાખ જેટલી માતબર રકમ મ્યુલ એકાઉન્ટમાં જમા કરાવવામાં આવી હતી. આ ગુનામાં સંડોવાયેલા આરોપી ફરહાન સલીમ ઘાંચીની વાપી ટાઉન પોલીસે તપાસ દરમિયાન ધરપકડ કરી હતી.

ધરપકડ બાદ જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા આરોપી ફરહાન ઘાંચી દ્વારા વાપીની સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે DGP (ડિસ્ટ્રિક્ટ ગવર્મેન્ટ પ્લીડર) અનિલ ત્રિપાઠીએ કોર્ટ સમક્ષ ધારદાર દલીલો કરતા જણાવ્યું હતું કે, સાયબર ક્રાઈમના ગુનાઓ સમાજ માટે ગંભીર છે અને તેમાં મ્યૂલ એકાઉન્ટનો ઉપયોગ કરી પૈસાની હેરાફેરી કરનાર આરોપીને જામીન આપવા જોઈએ નહીં. આ દલીલ ગ્રાહ્ય રાખી એડિશનલ સેશન્સ જજ એચ. એન. વકીલે આરોપી ફરહાન સલીમ ઘાંચીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

# 25 વર્ષ પૂર્વે જેલ કૂદી ભાગેલો કેદી વતનમાં કલરકામ કરતો હતો

**નવસારી** સબજેલના બાથરૂમના સળિયા કાપી, ઈલે. ફેન્સિંગ પર ચાદર નાંખી દીવાલ કૂદી ભાગી છૂટ્યો હતો



નવસારી: સન-૨૦૦૦માં નવસારી સબજેલમાંથી ફરાર આરોપીને નવસારી એલ.સી.બી. હરિયાણાના ફરીદાબાદથી ઝડપી પાડી મોટી સફળતા મેળવી છે.

આરોપી શશીભૂષણ ઉર્ફે સતભૂષણ ઉર્ફે પીન્ટુસિંહ તપેબહાદુર (કુંવર) રાજપૂત મૂળ યુપીના દેવરીયા જિલ્લાનો રહેવાસી છે. ૨૭/૦૫/૨૦૦૦ના રોજ નવસારી સબજેલમાં કાચા કામના કેદી તરીકે બાથરૂમની બારીના સળીયા કાપી, કંપાઉન્ડ વોલ પર ઇલેક્ટ્રિક ફેન્સિંગ ઉપર ચાદર નાંખી, બે અન્ય આરોપીઓ સાથે દીવાલ કૂદી ફરાર થયો હતો.

એલ.સી.બી.ની ટીમે અલગ-અલગ છુપા વેશ ધારણ કરી ફિલ્મી ઢબે પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ આરોપી સામે પારડી, ઉમરગામ, વલસાડ રુરલ તેમજ નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં લૂંટ, ધમકી અને આર્મ્સ એક્ટ સહિતના કુલ ચાર ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.


## જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે નવસારી ડીસ્ટ્રીક્ટ, સબ ડીસ્ટ્રીક્ટ ગણદેવીનાં મોજે: ધનોરી મુકામે ખાતા નં. ૭૪૯, જુનો બ્લોક/સર્વે નં. ૬૪૩ અને નવો બ્લોક/સર્વે નં. ૮૬૬, ક્ષેત્રફળ ૧-૨૨-૬૧ હે.આરે.ચો.મી., આકાર રૂા.૮.૦૮ ચો.મી. તથા જુનો બ્લોક/સર્વે નં. ૬૪૧ અને નવો બ્લોક/સર્વે નં. ૮૬૮, ક્ષેત્રફળ ૦-૮૭-૫૨ હે.આરે.ચો.મી. આકાર રૂા. ૬.૭૫ ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીનના સ્વતંત્ર માલીક તથા કબજેદાર તરીકે (૧) આશાબેન વિક્રમભાઈ દેસાઈ, (૨) હિરલબેન ધર્મેશભાઈ દેસાઈ, (૩) અલય ધર્મેશભાઈ દેસાઈ, ત્રણેય રહેવાસી - નિયોલ, સુરત, તા. જી. સુરતનાઓના નામે ચાલી આવેલ છે, અને તેઓ દ્વારા સદરહું જમીન ચોખ્ખા ટાઈટલ કલીયર વાળી હોવાનું જણાવેલ છે, ઉપરોક્ત જણાવેલ જમીન મારા અસીલ વેચાણથી લેવા માંગતા હોય સદરહુ મિલકત અંગે કોઈપણ વારસદાર બેંક, વ્યક્તિ, સંસ્થા કે સરકારી એકમને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હકક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ, કબજા કરાર, ભરણ-પોષણ, લિયન યા સાટાખત અંગેના કોઈપણ હકકે કે અધિકાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં પુરાવા સહિત હમોને લેખિત જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાને તેવો હકક, હિત કે અધિકાર નથી અને હોય તો તે આથી છોડી દેવામાં આવેલ છે તેમ માનીને સદરહું જમીનનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી સદરહુ જમીનો અમારા અસીલ કાયદેસરના પાકા દસ્તાવેજ/લખાણ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

હમારી મારફત,

તા. ૦૧-૦૧-૨૦૨૬ **મુકેશ બી. હળપતિ** (એડવોકેટ એન્ડ નોટરી)

મુ.પો. સાલેજ, પથ્થરીયા ફળિયા, તા. ગણદેવી, જી. નવસારી. મો.: ૯૬૨૪૮૫૮૫૯૫